eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 382
January 30, 2015



## સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાકદિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ની કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય ઉજવણી

ભારતના રાષ્ટ્રીયપર્વ પ્રજાસત્તાકદિન : ૨૬મી જાન્યુઆરી–૨૦૧૫ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૫ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, ડો. શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડનની બાજુમાં, ગજેરા સર્કલ, કતારગામ–અમરોલી રોડ, કતારગામ, સુરત ખાતે ધ્વજવંદન, ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના જુદા જુદા વિસ્તારોમા વિવિધ પ્રકલ્પોના ઉદઘાટન

સ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના જુદા જુદા વિસ્તારોમાં મા.મેયરશ્રી તેમજ મા.કમિશ્નરશ્રીની ઉપસ્થિતીમાં વિવિધ પ્રકલ્પોના ઉદઘાટન રાખવામાં આવેલ.લિંબાયત ઝોનના જુદા જુદા વિસ્તારમાં કુલ–૦૪ પ્રકલ્પોના ઉદઘાટન રાખેલ જેમાં ડીંડોલી ખાતે ૦૧ (એક) શાળા, લિંબાયત ખાતે ૦૧ (એક) શાળા તેમજ ૦૧ (એક) મલ્ટીએકટીવીટી સેન્ટર તથા પરવટ– ગોડાદરા ખાતે પાર્ટી પ્લોટનો સમાવેશ થાય છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો



સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો–''વિદ્યા ૨૦૧૫'' અને રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો–''સુમન ૨૦૧૫'' તથા શિલ્પગ્રામ મેળો–''શિલ્પગ્રામ ૨૦૧૫''નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૭/૦૧/૨૦૧૫ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## પ્રેસ નોટ – લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં મતદાન કરવા લોકોમાં જાગૃતિ લાવવા

લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં મતદાન કરવા લોકોમાં જાગૃતિ લાવવા અને જેતે વર્ષની ૧ જાન્યુઆરીની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂરા કરે તેવા લોકોનું મતદાર યાદીમાં નામ નોંધાય અને અચૂક પણે નૈતિક મૂલ્યોને આધારે મતદાન થાય તે માટે રાજયભરમાં વિવિધ કાર્યક્રમો હાથ ધરાવેલ હતાં. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૬/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની

આરોગ્ય વિભાગ દ્વારા ૧૦૨૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૭૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૦૧૦૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૯૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર ચાલી રહેલ મેગા ડિમોલીશનમાં આજરોજ પણ વરાછા મેઈન રોડ પરની મિલકતો દ્વારા ઉભા થયેલ/ તાણી દીધેલ ગેરકાયદેસર દબાણો ડિમોલીશ કરવા અંગેની કાર્યવાહીના ભાગરૂપે રસ્તા/ફુટપાથ/પાર્કીંગના ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – પ્રેસનોટ



સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન, ઉધના ઝોન, વિસ્તારમાં પૈકી (૧) ડીંડોલી વોર્ડઓફીસપ્રા.શાળા–૧૯૦.૯૭લાખ(૨).પ્રા.શાળા૧૦૭.૧૯લા(૩)મલ્ટીએકટીવીટી–૩૫.૯૯ લાખ(૪)પાર્ટી પ્લોટ ૯૨.૨૯ લાખ (૫)દંતોરા જકાતનાકા બ્રીજ–૧૬૩.૭૬લાખ (૬)ભેદવાડખાડી ૨૭૫લાખ વિવિધ પ્રકલ્પોનું ઉદ્દઘાટન મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ભધક સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૫૭૨ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૪૧૪ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૧૫૮ લાભાર્થીઓ હાજર રહયા નથી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### પ્રે સ નો ટ

આથી પશ્ચિમ ઝોન (રાંદેર)વિસ્તારમાં સમાવિષ્ટ જાહેર જનતાને જણાવવાનું કે ગુડા એકટ–૨૦૧૧ અન્વયે નિયમબદ્ધ થઈ ન શકે તેવા તમામ બાંધકામો ઈમ્પેકટ ફી ભરપાઈ કરી નિયમબદ્ધ કરવાની મુદત તારીખ ૧૯/૦૨/૨૦૧૫ સુધીની નિયત કરવામાં આવેલ છે. આપને આ અગાઉ આપની અરજી બાબતે વાંધાઓની પૂર્તતા કરવા જણાવવામાં ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



### "રાજીવ ગાંધી ખેલ અભિયાન" અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાની વોલીબોલ સ્પર્ધાનો પ્રારંભ

ભારતીય રમતોની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર ગુજરાત સરકારશ્રીના રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરની પ્રેરણાથી સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકા તથા જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે "રાજીવ ગાંધી ખેલ અભિયાન" અંતર્ગત રાષ્ટ્રીય ...


**વધુ માટે કલીક કરો >>>>>>**

### તા. ૩૦/૦૧/૨૦૧૫ ને શુક્રવારના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા. ૨૦–૦૨–૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૩૦/૦૧/૨૦૧૫ ને શુક્રવારના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સુરત મહાનગરપાલિકા – પ્રેસનોટ



સુરત મહાનગરપાલિકા ધ્વારા રાંદેર ઝોન, વરાછા ઝોન વિસ્તારમાંપૈકી (૧)વરિયાવ ખાડી બ્રીજ–૨૭૨લાખ (૨) વરાછા બ્રીજ વાઈડનીંગ–૨૪૭.૫૨ લાખના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું ઉદ્‌ઘાટન મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને શહેર બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી વિનોદભાઈ મોરડીયાના વરદ્‌હસ્તે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૬/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૧૦૨૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૭૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોન, લિંબાયત ઝોન તથા વરાછા ઝોન વિસ્તારમાં રૂા. ૮૮.૦૦/– કરોડ ઉપરાંતના થયેલ ખર્ચના પ્રકલ્પોનું લોકાપર્ણ તા. ૩૦/૦૧/૨૦૧૫ ના શુક્રવારના રોજ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા ના પ્રમુખ સ્થાને માન. શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ અઘ્યક્ષશ્રી પાણી સમિતિના વરદ્હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**




## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો–"વિદ્યા ૨૦૧૫" અને રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો–"સુમન ૨૦૧૫" તથા શિલ્પગ્રામ મેળો–"શિલ્પગ્રામ ૨૦૧૫"નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૭/૦૧/૨૦૧૫ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતેના સેમિનાર હોલમાં ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "મહાત્મા ગાંધી નિર્વાણદિન"

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ EWS સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૮૪૮ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૬૧૭ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૨૩૧ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૯ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્ઃઅંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશનરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## અખબારી યાદી

સુરતઃ– "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત મે.કમિશનરશ્રીના આદેશ અનુસાર આજ રોજ ( તા.૨૯/૦૧/૨૦૧૫) સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારના ગોડાદરા વોર્ડની વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવેલ (૧) મહારાણાપ્રતાપ ચાર રસ્તા થી મણીભદ્ર એપાર્ટમેન્ટ સુધી, ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૬/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૧૦૨૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૭૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ભધક સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૧૧૫૫ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૮૧૩ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૩૪૨ લાભાર્થીઓ હાજર રહયા નથી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પ્રેસ નોટ

શીયાળાની ઋતુ દરમ્યાન ઈન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧)નાં કેસો વધારાની શકયતા હોય છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલી જુદી –જુદી હોસ્પિટલમાં તા.૧૬/૦૧/૨૦૧૫ થી તા.૨૮/૦૧/૨૦૧૫ દરમ્યાન સ્વાઈન ફલુના કુલ ૨૮ કેસો પોઝીટીવ નોંધાયેલા છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ



સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના તમામ શહેરીજનોને ગુણવતા યુકત તેમજ પુરતો જથ્થો અને દબાણથી પાણી પુરુ પાડવા માટે કટીબધ્ધ છે. જેના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોન, લિંબાયત ઝોન તથા વરાછા ઝોન વિસ્તારમાં રૂા. ૮૮.૦૦ કરોડ ઉપરાંતના થયેલ ખર્ચના પ્રકલ્પોનું લોકાપર્ણ તા. ૩૦/૦૧/૨૦૧૫ ના શુક્રવારના રોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## મહાત્મા ગાંધી નિર્વાણદિન

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, સાંસદશ્રી સી.આર.પાટીલ, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.
આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રે સ નો ટ

આજ રોજ પશ્ચિમ ઝોન (રાંદેર) ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અન્વયે ગેરકાયદેસર બાધંકામને નિયમિત કરવાની મુદત તારીખ–૧૯/૦૨/૨૦૧૫ સુધીની હોય બાકી રહેલ ઈમ્પેકટ ફી અંગેની પડતર અરજીઓની સ્થળ પર પ્રત્યક્ષ નિકાલ કરવા માટે આજ તા.૩૦/૦૧/૨૦૧૫ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર)ઓફિસ ખાતે લોક મેળાનું આયોજન હાથ ધરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ EWS સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૧૧૫૫ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૮૧૩ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૩૪૨ લાભાર્થીઓ હાજર રહયા નથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસ નોટ

તા. ૨૩/૦૧/૨૦૧૫ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં એવા સમાચાર પ્રસિધ્ધ થયા હતા કે " પાલ ચઈતઈફઈ કચેરી ખાતે સુરત મહાનગરપાલિકાના આજીવન કર વિભાગને જગ્યા નહીં ફાળવતાં વિવાદ " ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૮૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) આવેલ આવસોમાં શીફટીગ કરવાની કામગીરી

સાઉથ ઝોન (ઉધના) આવેલ ટી.પી. ૦૧ (ઉધના-મજુરા), ફા.પ્લોટનં ૮૧-૮૨ પૈકી ખાડી કિનારાની અસરમાં આવતા પંચશીલનગર-૦૨ ના આશરે ૨૦૦ ઝુપડાઓ પૈકી ૫૦ જેટલા ઝુપડાવાસીઓને સાઉથ ઝોન (ઉધના) કચેરી દ્વારા તા.૩૧-૦૧-૨૦૧૫ના રોજ વડોદ રે.સ.નં – ૧૨ ખાતે ફાળવેલ આવસોમાં શીફટીગ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ..

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી કામરેજ તરફ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગતીયન સ્કીમ હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી તા.૨૨/૦૧/૨૦૧૫ સુધીમાંીયનઢક્ષ થીીયનઢઘડ ના કુલ–૪૧૬૪ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૩૫૬૬ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહી કુલ રૂા.૨૪,૭૩,૩૦,૦૦૦/– જમા કરાવેલ છે, જયારે ૫૯૮ લાભાર્થીઓ હાજર રહયા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રે સ નો ટ

પશ્ચિમ ઝોન (રાંદેર)માં આવેલ જુદી–જુદી શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે શાળાઓ, ટયુશન કલાસીસો ધ્વારા ટી.પી. રોડ ઉપર થતા આડેધડ પાર્કીગથી ટ્રાફિકની સરળ અવર જવર ન થવાને કારણે ટ્રાફિક જામની સમસ્યા ઉપસ્થિત થયેલ, જેને કારણે માનવ સમય તેમજ પેટ્રોલ, ડિઝલ જેવા ઈંધણના બગાડને કારણે વ્યકિતગત તેમજ દેશને મોટું આર્થિક નુકશાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાકદિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ની કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય ઉજવણી



ભારતના રાષ્ટ્રીયપર્વ પ્રજાસત્તાકદિન : ૨૬મી જાન્યુઆરી–૨૦૧૫ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૫ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, ડો. શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડનની બાજુમાં, ગજેરા સર્કલ, કતારગામ–અમરોલી રોડ, કતારગામ, સુરત ખાતે ધ્વજવંદન, સન્માન સમારોહ અને દેશભકિતસભર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. પ્રજાસત્તાક પર્વની ખુશનુમા પ્રભાતે કતારગામ ઝોન વિસ્તારની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી માન સરોવર સર્કલ અમરોલી પુલ થઈ ગજેરા સર્કલ થઈ, ધ્વજ વંદન સ્થળે બીજી કતારગામ વોર્ડઓફિસથી લાઈબ્રેરી સર્કલ, મહાદેવ ફળીયા થઈ ધ્વજ વંદન સ્થળે અને ત્રીજી પ્રભાતફેરી ગોટાલાવાડી, ઈશ્વરનગર સામે શાળા નં.૧૫૬, ૧૧૮થી ધર્મનંદન ડાયમંડ થઈ, બેનરો, ટેબ્લોઝ અને સુત્રોચ્ચાર સાથે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ ધ્વજવંદન સમારોહ સ્થળે આવતાં રાષ્ટ્રભકિતસભર વાતાવરણમાં માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગીતની ધુન વચ્ચે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી. માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ પ્રસંગોચિત્ત ઉદબોધનમાં પ્રારંભે પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી આઝાદીના શહીદોને યાદ કર્યા હતા. સુરતે વિકાસની ભરેલી હરણફાળ અને સુરત શહેરને મળેલ એવોર્ડનો ખ્યાલ આપી ગતિશીલ ગુજરાતમાં સુરત વિકાસના માર્ગે અગ્રેસર રહે અને તે અનુસંધાને બી.આર.ટી.એસ.ફેઝ–૩, વીન્ડ પાવરપ્લાન્ટ, રીન્યુએબલ એનર્જી, સ્લમ રી હેબીલીટેશન, વધુમાં વધુ શૌચાલયોની સુવિધા, વેબસાઈટ ઉપર વિવિધ ઓનલાઈન સુવિધાઓ, સ્માર્ટ અને ડ્રીમ સીટી, ગોપીતળાવનો વિકાસ, ૧૧ થી વધુ નવા બ્રીજ, એર્ફોડેબલ હાઉસીંગ હેઠળ ૧૫૦૦૦ મકાનોનું નિર્માણ, પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ સેન્ટર વિગેરે જેવા આયોજનના અમલનો ઉલ્લેખ કર્યો હતો. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સુરત શહેર દેશના સૌથી વધુ સ્વચ્છ શહેર બને તે માટે સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ સુરતને ઉન્નતિ અને વિકાસની રાહ પર સહિયારો પુરૂષાર્થ કરવાનો સંકલ્પ લેવા હાકલ કરી હતી. ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો સહિત તમામને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત 'સ્વચ્છ સુરત સ્વસ્થ સુરત'ના બેચ પહેરાવવામાં આવ્યા હતા. બાદમાં પ્રજાસત્તાક પર્વની શુભકામના અને હર્ષોલ્લાસ સાથે ત્રિરંગી ફુગ્ગાઓને અનંત ગગનમાં વિહરતા કર્યા હતા.






પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત તા.૧૬/૦૧/૨૦૧૫ના રોજ કતારગામ કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ રંગપુરણી અને દેશભકિતગીત સ્પર્ધામાં ૪૫૦થી વધુ સ્પર્ધકો ઉત્સાહભેર ભાગ લેધો હતો. ધ્વજવંદન બાદ રંગપુરણી અને દેશભકિત ગીત સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તથા રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ શહેરના ૫૩ રમતવીરોને સ્મૃતિભેટ અને રોકડપુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**પ્રજાસત્તાક દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણીમાં ધ્વજવંદનની સાથે શહેરીજનોએ કતારગામ ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓએ રજુ કરેલ દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યકમને પણ મન ભરીને માણ્યો હતો. અંતે ''ભારત માતા કી જય''ના ગગનભેદી જયનાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.**



**પ્રજાસત્તાક પર્વ અને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જનજાગૃતિ હેતુ સંકલિત સફાઈ ઝુંબેશ અને ડસ્ટબીન ઝુંબેશ અભિયાન હાથ ધરવામાં આવી હતી. જેમાં ડોર ટુ ડોર ચકાસણી કરી સ્વચ્છતાનું મહત્વ સમજાવી ડસ્ટબીન રાખવાની તાકીદ કરવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બ્લડ કેમ્પ અને શ્રી ચીમનલાલ હીરાલાલ રાણા પ્રાથમિક શાળા ક્રમાંક–૧૭૩માં ફ્રી–મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કર્યું હતું. જેનો મોટી સંખ્યામાં નગરજનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે રાત્રે કતારગામ ઝોન ઓફિસ, ડો.શ્યામાપ્રસાદ લેક ગાર્ડન, કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, શ્રી ચીમનલાલ હીરાલાલ રાણા પ્રાથમિક શાળા ક્રમાંક–૧૭૩, કોસાડ ફાયર સ્ટેશન, કોસાડ હેલ્થ સેન્ટર તથા આ વિસ્તારની વોર્ડઓફિસ વિગેરેને રોશનીથી શણગારવામાં આવ્યા હતા.**

**રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રી કિશોરભાઈ કાનાણી, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરિયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહથી ભાગ લીધો હતો.**

**પ્રેસનોટ**

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના જુદા જુદા વિસ્તારોમા વિવિધ પ્રકલ્પોના ઉદઘાટન

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના જુદા જુદા વિસ્તારોમાં મા.મેયરશ્રી તેમજ મા.કમિશ્નરશ્રીની ઉપસ્થિતીમાં વિવિધ પ્રકલ્પોના ઉદઘાટન રાખવામાં આવેલ.

લિંબાયત ઝોનના જુદા જુદા વિસ્તારમાં કુલ–૦૪ પ્રકલ્પોના ઉદઘાટન રાખેલ જેમાં ડીંડોલી ખાતે ૦૧(એક) શાળા, લિંબાયત ખાતે ૦૧(એક) શાળા તેમજ ૦૧(એક) મલ્ટીએકટીવીટી સેન્ટર તથા પરવટ– ગોડાદરા ખાતે પાર્ટી પ્લોટનો સમાવેશ થાય છે.

ડીંડોલી ખાતે કુલ ૧૯૩૪.૦૦ ચો.મી. બાંધકામનું ક્ષેત્રફળ ધરાવતી શાળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૯–કલાસરૂમ, હોલ, કોમ્પ્યુટર રૂમ તેમજ અન્ય સગવડો ધરાવતી આદર્શ પ્રા. શાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ છે. જેનો અંદાજીત પ્રોજેકટ ખર્ચ રૂ ૧૯૦.૦૦ લાખ થયેલ છે, જેનાથી અંદાજે ૧૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રાપ્ત થઈ શકશે. તથા ટી.પી. સ્કીમ નં. ૪૦(લિંબાયત–ડીંડોલી) માં આસપાસનગર ખાતે કુલ ૧૧૯૦.૦૦ ચો.મી. બાંધકામનું ક્ષેત્રફળ ધરાવતી શાળાનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૧૧–કલાસરૂમ, હોલ,કોમ્પ્યુટર રૂમ તેમજ અન્ય સગવડ ધરાવતી ન.પ્રા.શિ.સ. શાળા નં. ૧૩૮,૧૩૫ નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ, જેનો અંદાજીત પ્રોજેકટ ખર્ચ રૂ૧૦૭.૦૦ લાખ થયેલ છે, જેનાથી અંદાજે ૬૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રાપ્ત થઈ શકશે. તથા ટી.પી. સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત) માં કમરૂનગર શહેરી ગરીબ હાઉસીંગ આવાસ ખાતે મલ્ટી એકટીવીટી સેન્ટર જેમાં કુલ ૪૦૦.૫૦ ચો.મી. બાંધકામનું ક્ષેત્રફળ ધરાવતા મકાન જેમાં ભોંયતળીએ ૦૨(બે) આંગણવાડી તેમજ પ્રથમ માળે વાંચનાલય, યુ.સી.ડી. સેન્ટર તેમજ અન્ય સગવડો ધરાવતા મકાનનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ છે. જેનો અંદાજીત પ્રોજેકટ ખર્ચ રૂ૩૬.૦૦ લાખ થયેલ છે, જેનાથી કમરૂનગર, લિંબાયતની આસપાસના આશરે ૨૦,૦૦૦ લોકોને આંગણવાડી, વાંચનાલય, યુ.સી.ડી. સેન્ટરની સુવિધા પ્રાપ્ત થશે. તેમજ ટી.પી. સ્કીમ નં. ૬૧(પરવત–ગોડાદરા) માં અંદાજે ૫૪૦૦.૦૦ ચો.મી. થી વધુ ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ એરીયામાં કુલ ૦૨(બે) પાર્ટીપ્લોટ જેમાં કિચન, વોશરૂમ તેમજ પાર્કિંગની સુવિધા ધરાવતા પાર્ટીપ્લોટનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ છે. જેનો અંદાજીત પ્રોજેકટ ખર્ચ રૂ ૯૨.૦૦ લાખ થયેલ છે, જેનાથી પરવત ગોડાદરા તથા લિંબાયત ના લોકોને સામાજીક તેમજ અન્ય પ્રસંગો માટે પાર્ટીપ્લોટની સુવિધા પ્રાપ્ત થશે.

તા. ૨૭/૦૧/૨૦૧૫ (મંગળવાર) ના રોજ ઉપરોકત પ્રકલ્પોના ઉદ્‌ઘાટનમાં મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણે સહિત સ્થા.સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, ડેપ્યુટી મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા,બાંધકામ સમિતિ અધ્યક્ષશ્રી વિનોદભાઈ મોરડીયા, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, હોસ્પિટલ સમિતીના ચેરમેનશ્રી રવિન્દ્ર પાટીલ, સમાજ કલ્યાણ આંનદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતીના અધ્યક્ષ શ્રીમતી કિશોરીબેન કાપડીયા, મ્યુ.સભ્યોશ્રીઓ તેમજ અન્ય પદાધિકારીશ્રી તથા અધિકારીગણ ઉપસ્થિત રહેલ હતા.

## :: પ્રેસનોટ:: સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો–''વિદ્યા ૨૦૧૫'' અને રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો–''સુમન ૨૦૧૫'' તથા શિલ્પગ્રામ મેળો–''શિલ્પગ્રામ ૨૦૧૫''નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૭/૦૧/૨૦૧૫ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે.



આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૪/૦૧/૨૦૧૫ના રોજ સાંજે ગ્રુપ ડીસ્કશન સ્પર્ધા યોજાઈ હતી. ડિસ્કશન સ્પર્ધામાં ૧૬ શાળાના ૧૪૦ જેટલા સ્પર્ધકોએ ગ્રુપસ્થળ પર આપવામાં આવેલ વિષય પર પોતાના પ્રતિભાવો રજુ કરી તર્ક સંગત સામ–સામી ચર્ચાઓ કરી રંગત જમાવી હતી. સ્પર્ધાને અંતે શ્રીમતી વી.ડી.દેસાઈ વાડીવાલ ભુલકા ભવન સ્કૂલ પ્રથમ ક્રમે, જીવનભારતી કિશોર ભવન સ્કૂલ દ્વિતીય ક્રમે અને શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર તૃતીય ક્રમે વિજેતા જાહેર થઈ હતી.

તા.૨૫/૦૧/૨૦૧૫ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે વિદ્યાર્થીઓમાં છુપાયેલી અને ધરબાયેલી સર્જનશીલતાને બહાર લાવવા પુસ્તક મેળાના સેમીનાર હોલમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક કામગીરી(વેસ્ટમાંથી બેસ્ટ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લઈ ઉત્કૃષ્ઠ નમુનાઓનું સર્જન કરી સૌના મન મોહી લીધાં હતાં. સ્પર્ધામાં લૂર્ડઝ કોન્વેન્ટ હાઈસ્કૂલની વિદ્યાર્થીની શૈલી કે.શાહ પ્રથમ ક્રમે, એમ.એન.જે. પટેલ માધ્યમિક શાળાના વિદ્યાર્થી મેહુલ નરેશભાઈ ગોલ દ્વિતીય ક્રમે અને વનિતા વિશ્રામ હાઈસ્કૂલની વિદ્યાર્થીની નિધિ સીસોદીયા તૃતીય ક્રમે વિજેતા થયા હતા. જયારે અક્ષય આર. રાઠોડ, પરમાર હરિકૃષ્ણ ડી., ઈશીકા રમેશભાઈ ડાભી, ગાંધી જૈના આર. અને પારેખ પાર્થ આર. આશ્વાસન વિજેતા જાહેર થયા હતા. વિજેતાઓને સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડીયા,ગાંધી સ્મૃતિભવનના મેનેજર શ્રી એસ.આર.ખાન અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સાંજે ૭.૦૦ કલાકે યોજાયેલ શહેરની વિવિધ કલા સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમને ઉપસ્થિત જનમેદનીએ મનભરીને માણ્યો હતો.

હવે પછી નીચે મુજબના કાર્યક્રમો રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાશે. જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાનાર વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોને માણવાં શહેરીજનોને હાર્દિક નિમંત્રણ છે.`

| ક્રમ | તારીખ / વાર | સ્પર્ધા (બપોરે ૧૨.૦૦ કલાકે) | સ્પર્ધા / સાંસ્કૃતિક કાર્યક્રમ (સાંજે ૭.૦૦ કલાકે) |
|---|---|---|---|
| ૧ | ૨૬/૦૧/૨૦૧૫ સોમવાર | – | દેશભકિત પર આધારિત ગ્રુપ ડાન્સ કોમ્પીટીશન (ધો.૯ થી ૧૨) |
| ૨ | ૨૭/૦૧/૨૦૧૫ મંગળવાર | વેશભૂષા હરિફાઈ (ધો. ૧ થી ૫) | યોગા શો (યોગા ડેમોસ્ટ્રેશન એન્ડ સેલ્ફ ડિફેન્સ) |

વધુમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત દ્વારા સ્વચ્છતા વિષયક ચિત્રોથી જનજાગૃતિ અને આમ જનતાને માહિતગાર કરવાના હેતુસર મેળામાં મુલાકાત લેનાર બાળકો અને વાલીઓ સ્થળ ઉપરથી જ કાગળ અને કલર લઈ ''મહાત્મા ગાંધી અને સફાઈ'' વિષય પર પોતાની રીતે સ્વચ્છતાને લગતા ચિત્રો દોરે તેવું ''મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન ચિત્રસ્પર્ધા–૨૦૧૫''નું આયોજન આ રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમીનાર હોલમાં કરવામાં આવેલ છે. મેળાના મુલાકાતીઓને 'સ્વચ્છતા' વિષય ઉપર પોતાના વિચારોને આકાર આપવા આગ્રહભરી અપીલ છે.

## પ્રેસ નોટ – લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં મતદાન કરવા લોકોમાં જાગૃતિ લાવવા




લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં મતદાન કરવા લોકોમાં જાગૃતિ લાવવા અને જેતે વર્ષની ૧ જાન્યુઆરીની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂરા કરે તેવા લોકોનું મતદાર યાદીમાં નામ નોંધાય અને અચૂક પણે નૈતિક મૂલ્યોને આધારે મતદાન થાય તે માટે રાજયભરમાં વિવિધ કાર્યક્રમો હાથ ધરાવેલ હતાં.

મહિલા મતદારોમાં જાગૃતિ લાવવા માટે આંગણવાડી બહેનો દ્વારા પ્રસંશનીય ભૂમિકા ભજવવામાં આવેલ છે.જેથી મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત રાજયની આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો માટે લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા વિષયને આવરી લેતી એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાગર બહેનોને મતદાન જાગૃતિ અર્થે વિવિધ કૃતિઓ બનાવવાનું કહેવામાં આવેલ હતું. આ કૃતિઓ પૈકી આંગણવાડી.નં. – NZ/ 91 – E.W.S આવાસ કોસાડ નાં આંગણવાડી કાર્યકર શ્રીમતી નયનાબેન ભરતભાઈ કંથારીયા ની મતદાન જાગૃતિ કૃતિ જીલ્લામાં પ્રથમ આવેલ છે. જેમને રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૫–૦૧–૨૦૧૫ નાં રોજ સુરતની એમ.ટી.બી કોલેજ, અઠવા ખાતે પસંદગી પામતા રૂા. ૨૫૦૦ /– નું ઈનામ પ્રાપ્ત થયેલ છે. તથા આજ કૃતિને ગુજરાત રાજય કક્ષાએ દ્વિતિય ક્રમે પસંદગી પામતા રૂા. ૧૫૦૦૦ /– નું ઈનામ રાષ્ટ્રીય મતદાતા દિવસના રોજ ગાંધીનગર ખાતે પ્રાપ્ત થયેલ છે. આથી સુરત મહાનગરપાલિકા નાં કતારગામ ઝોનનાં આંગણવાડી કાર્યકર શ્રીમતી નયનાબેન ભરતભાઈ કંથારીયાએ રાજય કક્ષાએ ઈનામ પ્રાપ્ત કરી મહાનગરપાલિકાને ગૌરવ અપાવેલ છે.

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૬/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની

**નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૬/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.**

**આરોગ્ય વિભાગ દ્વારા ૧૦૨૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૭૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૦૧૦૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૯૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૧ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.**

**આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી.,ડભોલી, વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, વિગેરેમાંથી વેરા પેટે રૂા. ૨૭,૩૦,૧૮૦/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા. ૫,૭૫,૭૬૫/– વસુલ કરવામાં આવેલ છે.**

**ઈમ્પેકટ ફીની ૧૩૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. ૧૬,૦૨,૭૩૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા. ૨,૧૪,૭૩૪/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.**

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

**સુરત શહેરના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર ચાલી રહેલ મેગા ડિમોલીશનમાં આજરોજ પણ વરાછા મેઈન રોડ પરની મિલકતો દ્વારા ઉભા થયેલ/ તાણી દીધેલ ગેરકાયદેસર દબાણો ડિમોલીશ કરવા અંગેની કાર્યવાહીના ભાગરૂપે રસ્તા/ફુટપાથ/પાર્કીંગના ભાગમાં બાંધેલ ઓટલાઓ, દાદર, કેબીનો, ફેબ્રીકેટડ શેડ, દિવાલો, બોર્ડ–બેનરો તોડીને આશરે ૭૦,૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. આ કામગીરી આગામી દિવસોમાં પણ અલગ અલગ વિસ્તારોમાં અસરકારક રીતે હાથ ધરવામાં આવનાર છે.**





સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન, ઉધના ઝોન, વિસ્તારમાં પૈકી (૧) ડીંડોલી વોર્ડઓફીસપ્રા.શાળા–૧૯૦.૯૭લાખ(૨).પ્રા.શાળા૧૦૭.૧૯લા(૩)મલ્ટીએકટીવીટી–૩૫.૯૯ લાખ(૪)પાર્ટી પ્લોટ ૯૨.૨૯ લાખ (૫)દંતોરા જકાતનાકા બ્રીજ–૧૬૩.૭૬લાખ (૬)ભેદવાડખાડી ૨૭૫લાખ વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને શહેર બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી વિનોદભાઈ મોરડીયા, સાંસ્કૃતિક સીમતિના અધ્યક્ષાશ્રીમતિ કિશોરીબેન કાપડીયા ના વરદ્હસ્તે તા. ૨૭/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવ્યું હતું.



સુરત મહાનગરપાલિકા સુરત શહેરના વિવિધ ઝોન વિસ્તારની પ્રજાની સુખાકારી માટે સતત કાર્યરત છે. ઉપરોકત વિવિધ પ્રકલ્પો પૈકી/લિંબાયત ઝોન વિસ્તારમાં ડીંડોલી વોર્ડ ઓફિસની સામે લિંબાયત ખાતે આદર્શ પ્રાથમિક શાળા, આસાપાસ નગર લિંબાયત ખાતે પ્રાથમિક શાળાનું ઉદ્ઘાટન થવાથી ડીંડોલી ગામતળ તેમજ ડીંડોલીના આજુબાજુના વિસ્તારના વિધાર્થી તથા આસપાસ નગર, સંજય નગર તથા લિંબાયત ઝોન વિસ્તારના વિધાર્થીઓને શાળાની સુવિધા પ્રાપ્ત થશે. કમરૂનગર EWS આવાસ લિંબાયત ખાતે મલ્ટી એકટીવીટી સેન્ટરનું ઉદ્ઘાટન થવાથી લિંબાયતના આજુબાજુના વિસ્તારના લોકોને આંગણવાડી, વાંચનાલય તેમજ યુ.સી.ડી. સેન્ટરની સુવિધા પ્રાપ્ત થશે. પરવટ ગોડાદરા લિંબાયત ખાતે પાર્ટી પ્લોટનું ઉદ્ઘાટન થવાથી ગોડાદરા તથા લિંબાયત ઝોન વિસ્તારના લોકોને સામાજીક પ્રસંગો માટે પાર્ટી પ્લોટની સુવિધા પ્રાપ્ત થશે.

ઉધના ઝોન વિસ્તારમાં જુના દંતોરા જકાતનાકા પાસે, ભેદવાડ ખાડી પર હયાત પુલની બાજુમાં જુનો પુલ તોડી નવો પુલ, સાઉથ ઝોન માં આવેલ ટી.પી.સ્કીમ નં. ૭૨(બમરોલી)ના રોડ ઉપર ભેદવાડ ખાડી ઉપર પુલના ઉદ્ઘાટન થવાથી સદરહુ વિસ્તારમાં આવેલ રહેણાંક તેમજ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં વસવાટ / કામ કરવા અવરજવર કરતા લોકોને ઘણી જ સરળતા થશે. તેમજ બમરોલી ગામમાં વાહનો પરિવહન સરળ થશે.

આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, શાસકપક્ષનેતા શ્રી કિશોરભાઈ બિંદલ, મા.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીઓ, મીડીયા તથા બહુ જ મોટી સખ્યામાં આ વિસ્તારની જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

**મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ** EWS **સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૫૭૨ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૪૧૪ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૧૫૮ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૫ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.**

**તા.૨૮/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૨૭૬ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં** EWS-3 **સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર** A **થી** F **ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.**

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૪/૦૧/૨૦૧૫નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ તમામ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક તથા યુરીનલ બ્લોકની સ્વચ્છતા અંગેની કામગીરી વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક / મદદનીશ આરોગ્ય નિરીક્ષક મારફત ચેક કરી, એજન્સીના કર્મચારીઓ પાસેથી પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની તળીયા ઝાટક સાફ–સફાઈની કામગીરી પણ સીધી દેખરેખ હેઠળ કરાવવામાં આવેલ છે. જેની માહિતી નીચે જણાવ્યાનુસાર છે.

આ અભિયાન દરમ્યાન શહેરના સાત ઝોનનાં જુદા જુદા વિસ્તારોમાં આવેલ કુલ ૧૫૦ પે એન્ડ યુઝ ટોયલટ બ્લોક તથા યુરીનલ બ્લોક, કુલ ૧૫ જાહેર જાજરૂ / પેશાબદાની ની સ્વચ્છતા સંબંધિત કામગીરી ચેક કરી એજન્સીના સ્ટાફ મારફત ટોયલેટ યુરીનલ બ્લોકની સ્વચ્છતા અંગેની તળીયા ઝાટક સાફ–સફાઈ કામગીરી સંબંધિત ઝોન / વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક / મદદનીશ આરોગ્ય નિરીક્ષકની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવેલ છે. આ અભિયાન દરમ્યાન પે એન્ડ યુઝ બ્લોકમાં ઉણપ / ખામી જણાયેલ સંસ્થાઓના માલિકોને કુલ ૧૬ નોટીસ આપવામાં આવેલ છે. સ્વચ્છતા વિરુધ્ધી પ્રવૃત્તિ આચરવા બદલ કુલ રૂા.૧,૭૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૭/૦૧/૨૦૧૫ નાં રોજ સુરત શહેરમાં આવેલ મહાનગરપાલિકા સંચાલિત તમામ અર્બન હેલ્થ સેન્ટરો, હોસ્પિટલો, દવાખાનાઓ, મેટરનીટી હોમ, પથોલોજી – લેબોરેટરી તથા આંગણવાડી અને વોર્ડ ઓફિસોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

જે અંતગર્ત સુરત મહાનગરપાલિકા સંચાલિત કુલ ૩૯ અર્બન હેલ્થ સેન્ટરો, કુલ ૫૬૬ હોસ્પિટલ, મેટરનીટી હોમ અને ખાનગી દવાખાના / કલીનીક, કુલ ૧૧૧ પેથોલોજી લેબોરેટરી, કુલ ૪૧૬ આંગણવાડી તેમજ કુલ ૭૮ વોર્ડ ઓફિસ / વાહન ડેપો / ઝોન ઓફિસોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ  ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૧૯/૦૧/૨૦૧૫ થી તા.૨૫/૦૧/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬)  કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ મળી કુલ રૂા.૮૧,૭૭૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

# પ્રેસનોટ

આથી પશ્ચિમ ઝોન (રાંદેર)વિસ્તારમાં સમાવિષ્ટ જાહેર જનતાને જણાવવાનું કે ગૃડા એકટ–૨૦૧૧ અન્વયે નિયમબદ્ધ થઈ ન શકે તેવા તમામ બાંધકામો ઈમ્પેકટ ફી ભરપાઈ કરી નિયમબદ્ધ કરવાની મુદ્દત તારીખ ૧૯/૦૨/૨૦૧૫ સુધીની નિયત કરવામાં આવેલ છે. આપને આ અગાઉ આપની અરજી બાબતે વાંધાઓની પૂર્તતા કરવા જણાવવામાં આવેલ હોવા છતાં આપે આજદીન સુધી વાંધાઓની પૂર્તતા કરેલ નથી એવી તમામ અરજી તથા જેને સુ.મ.પા. દ્વારા હાલપર્યત હકારાત્મક કે નકારાત્મક નિર્ણયની જાણ કરવામાં આવેલ ન હોય તેવી તમામ અરજીનાં કિસ્સાઓમાં આપની સુગમતા ખાતર સદર અરજીઓનો સ્થળ ઉપર પ્રત્યક્ષ નિકાલ થઈ શકે તે હેતુસર તા.૩૦/૦૧/૨૦૧૫ ના સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ કલાકે પશ્ચિમઝોન (રાંદેર) કચેરીમાં લોકમેળા નું આયોજન કરવામાં આવેલ છે. તો આપની અરજી અન્વયે તમામ પૂરાવા સાથે લઈ બિનચૂક હાજર રહેવા આથી આપને જણાવવામાં આવે છે જો તેમ કરવામાં ચૂક કરશો તો આવી તમામ અરજીઓ દફતરે કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

## ::પ્રેસનોટ :: ''રાજીવ ગાંધી ખેલ અભિયાન'' અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાની વોલીબોલ સ્પર્ધાનો પ્રારંભ



ભારતીય રમતોની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર ગુજરાત સરકારશ્રીના રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરની પ્રેરણાથી સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકા તથા જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે ''રાજીવ ગાંધી ખેલ અભિયાન'' અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાની ભાઈ–બહેનોની વોલીબોલ સ્પર્ધાનું આયોજન તા.૨૮/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૦૧/૨૦૧૫ દરમ્યાન સુરત ખાતે કરવામાં આવેલ છે. આ વોલીબોલ સ્પર્ધાનો ઉદઘાટન સમારોહ તા.૨૮/૦૧/૨૦૧૫ના રોજ સવારે ૯.૩૦ કલાકે મજુરાગેટ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં.૮–૯ના મેદાનમાં યોજાયો હતો. વોલીબોલ સ્પર્ધામાં ભાગ લેવા આવેલ ૧૯ રાજયોના ૬૫૦ રમતવીરોની દરેક રાજયના નામ પ્રદર્શિત કરતા બેનરો સાથેની યોજાયેલ શિસ્તબધ્ધ માર્ચપાસ્ટથી પ્રભાવિત થઈ માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ વોલીબોલ સ્પર્ધાના તમામ રમતવીરોને સાયન્સ સેન્ટર, એકવેરીયમ અને નેચરપાર્કની વિનામૂલ્યે મુલાકાત લેવા માટે ખાસ આહ્વાન કર્યુ હતું. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સુરત જિલ્લા રમત ગમત અધિકારીશ્રી વિરેન્દ્ર પટેલએ સૌને આવકાર્યા બાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં રજુ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમને ઉપસ્થિત સૌ નગરજનોએ માણ્યો હતો. આ પ્રસંગે માન.ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી અજયકુમાર ચોકસી, શ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરિયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, કલેકટરશ્રી ડો.રાજેન્દ્રકુમાર, શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રી, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને રમતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. ગુજરાતના શહેરોમાં ખેલકુદનું વાતાવરણ નિર્માણ કરી સ્વાસ્થય અંગે જાગૃતિ કેળવવા યોજાતા આ રમતગમત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વોલીબોલના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા હાર્દિક અપીલ છે.

## તા. ૩૦/૦૧/૨૦૧૫ ને શુક્રવારના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા. ૨૦–૦૨–૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૩૦/૦૧/૨૦૧૫ ને શુક્રવારના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

# સુરત મહાનગરપાલિકા – પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકા ધ્વારા રાંદેર ઝોન, વરાછા ઝોન વિસ્તારમાંપૈકી (૧)વરિયાવ ખાડી બ્રીજ–૨૭૨લાખ (૨) વરાછા બ્રીજ વાઈડનીંગ–૨૪૭.૫૨ લાખના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું ઉદ્‍ઘાટન મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને શહેર બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી વિનોદભાઈ મોરડીયાના વરદ્‍હસ્તે તા. ૨૮/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવ્યુ હતું.**



**સુરત મહાનગરપાલિકા સુરત શહેરના વિવિધ ઝોન વિસ્તારની પ્રજાની સુખાકારી માટે સતત કાર્યરત છે. ઉપરોકત વિવિધ પ્રકલ્પો પૈકી રાંદેર ઝોનમાં વરીયાવ ગામમાં કોળીવાડ પાસે હયાત ખાડી પુલની જગ્યાએ નવો ખાડી પુલનું ઉદ્‍ઘાટન થવાથી વરીયાવ ગામમાં કોળીવાડ અને માખણીયા ટેકરાને જોડતા ખાડી પુલ બનવાથી વરીયાવ ગામના રહેવાસીઓને અવરજવર કરવામાં સરળતા રહેશે.**

**વરાછા ઝોન ખાતે મીડલ રીંગ રોડ પર સહજાનંદ સોસાયટી પાસે ખાડી પરનાં હયાત બ્રીજનું ઉદ્‍ઘાટન થવાથી સદર વિસ્તારના પ્રજાને અવરજવર કરવામાં સરળતા રહેશે તથા ટ્રાફિકના પ્રશ્નો પણ હલ થશે.**

**આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, શાસકપક્ષનેતાશ્રી કિશોરભાઈ બિંદલ, મા.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, મા.ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીઓ, મીડીયા જગત તથા બહુ જ મોટી સખ્યામાં આ વિસ્તારની જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.**





# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૬/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૧૦૨૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૭૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૦૧૦૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૯૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૧ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી.,ડભોલી, વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, વિગેરેમાંથી વેરા પેટે રૂા. ૨૭,૩૦,૧૮૦/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા. ૫,૭૫,૭૬૫/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૩૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા. ૧૬,૦૨,૭૩૯/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા. ૨,૧૪,૭૩૪/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૮/૦૧/૨૦૧૫ નાં રોજ શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં વપરાશમાં લેવાતા પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી સંબંધિત ઝોન / વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક / મદદનીશ આરોગ્ય નિરીક્ષક દ્વારા કરાવવામાં આવેલ.

જે અંતગર્ત વિવિધ ઝોન વિસ્તારમાંથી પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી બાબતે કુલ ૧૦૩૫ સંસ્થાઓનું ચેકિંગ કરી, કુલ ૨૯૪ સંસ્થાને નોટીસ આપી, કુલ ૧૪૮.૫૦૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ તથા રૂા.૬૨,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોન, લિંબાયત ઝોન તથા વરાછા ઝોન વિસ્તારમાં રૂા. ૮૮.૦૦/– કરોડ ઉપરાંતના થયેલ ખર્ચના પ્રકલ્પોનું લોકાપર્ણ તા. ૩૦/૦૧/૨૦૧૫ ના શુક્રવારના રોજ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા ના પ્રમુખ સ્થાને માન. શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ અધ્યક્ષશ્રી પાણી સમિતિના વરદ્હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે.

સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો પૈકી એક ઈન્ટેકવેલ, એક રો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ત્રણ જળ વિતરણ મથકો અને સાત ઓવરહેડ ટાંકીઓ અને વોટર સ્પોર્ટસ ફેજ–૨ ની ઉદ્ઘાટન કરવાથી મોટાવરાછા, મોટાવરાછા ગામતળ, ગોડાદરા, ગોડાદરા ગામતળ, ઊન, વડોદ અને આંશિક રીતે બમરોલી વિસ્તારના રહીશોને પાણી પુરવઠો મળી રહશે. આ વિસ્તારોને ૨૪×૭ યોજના હેઠળ આવરી લેવાયેલ છે. તેના થકી સંબંધિત વિસ્તારના રહીશોને પાણી પુરવઠો પુરતા દબાણથી મળવા સાથે પાણીનો સંગ્રહ કરવામાંથી તેમજ ગંદા પાણીની ફરીયાદોમાંથી મુકિત મળશે.

:: પ્રેસનોટ::

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો–''વિદ્યા ૨૦૧૫'' અને રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો–''સુમન ૨૦૧૫'' તથા શિલ્પગ્રામ મેળો–''શિલ્પગ્રામ ૨૦૧૫''નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૭/૦૧/૨૦૧૫ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતેના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૩/૦૧/૨૦૧૫ના રોજ પુસ્તક મેળાના સેમીનાર હોલમાં સાંજે ૭.૦૦ કલાકે ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓની જનરલ નોલેજ કવીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૪૦ શાળાના ૧૨૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં રહેલી લેખન કળાની સુસુપ્ત શકિતઓને બહાર લાવવા તા.૨૪/૦૧/૨૦૧૫ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં (૧) સારું વાંચો, સારું વિચારો. (૨) સ્વચ્છ સુરતની મારી કલ્પના. (૩) વાંચનનો આનંદ. (૪) પુસ્તક પુષ્પ અને શિલ્પગ્રામ મેળાની મુલાકાતે. (૫) યુવાનોના પથદર્શક : સ્વામી વિવેકાનંદ વિષય પર ૪૨૫થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાંજે ગૃપ ડીસ્કશન સ્પર્ધામાં ૧૬ શાળાના ૧૪૦ જેટલા સ્પર્ધકોએ ગૃપસ્થળ પર આપવામાં આવેલ વિષય પર પોતાના પ્રતિભાવો રજુ કરી તર્ક સંગત સામ–સામી ચર્ચાઓ કરી રંગત જમાવી હતી. સ્પર્ધાને અંતે શ્રીમતી વી.ડી.દેસાઈ વાડીવાલ ભુલકા ભવન સ્કૂલ પ્રથમ ક્રમે, જીવનભારતી કિશોર ભવન સ્કૂલ દ્વિતીય ક્રમે અને શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર તૃતીય ક્રમે વિજેતા જાહેર થઈ હતી.




તા.૨૫/૦૧/૨૦૧૫ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે વિદ્યાર્થીઓમાં છુપાયેલી અને ધરબાયેલી સર્જનશીલતાને બહાર લાવવા પુસ્તક મેળાના સેમીનાર હોલમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક કામગીરી(વેસ્ટમાંથી બેસ્ટ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લઈ ઉત્કૃષ્ઠ નમુનાઓનું સર્જન કરી સૌના મન મોહી લીધાં હતાં. સાંજે યોજાયેલ કવિસંમેલનમાં કવિઓએ રંગજમાવતાં શહેરના પ્રબુધ્ધ નગરજનોએ તેનો લાભ લીધો હતો. તા.૨૬/૦૧/૨૦૧૫ના રોજ સાંજે દેશભકિતપર આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન યોજાઈ હતી. શહેરની ૧૮ જેટલી શાળાઓએ દેશભકિતપર આધારિત વિવિધ કૃતિઓ રજુ કરી ઉપસ્થિત નગરજનોના મનમોહી લીધાં હતાં. તા.૨૭/૦૧/૨૦૧૫ના રોજ બપોરે બાળકોની વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વેશભૂષા સ્પર્ધામાં ૨૦૦ જેટલા બાળકોએ રાષ્ટ્રીય નેતાઓ સહિત અવનવા વેશધારણ કરી પોતાની કૃતિઓ રજુ કરી હતી. સાંજે યોગા શો યોજાયો હતો. અંગકસરતના નિદર્શનથી લોકોને પ્રભાવિત કર્યા હતા. આ ઉપરાંત ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી.

વિજેતાઓને સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક  સમિતિ અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડીયા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષાશ્રીમતી દેવિકાબેન જાદવાણી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

વધુમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત દ્વારા સ્વચ્છતા વિષયક ચિત્રોથી જનજાગૃતિ અને આમ જનતાને માહિતગાર કરવાના હેતુસર મેળામાં મુલાકાત લેનાર બાળકો અને વાલીઓ સ્થળ ઉપરથી જ કાગળ અને કલર લઈ ''મહાત્મા ગાંધી અને સફાઈ'' વિષય પર પોતાની રીતે સ્વચ્છતાને લગતા ચિત્રો દોરે તેવું ''મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન ચિત્રસ્પર્ધા–૨૦૧૫''નું આયોજન આ રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમીનાર હોલમાં કરવામાં આવ્યું હતું. મેળાના મુલાકાતીઓને મોટી સંખ્યામાં 'સ્વચ્છતા' વિષય ઉપર પોતાના વિચારોને આકાર આપી ચિત્રો દોર્યા હતા. મેળાના સેમીનાર હોલમાં રજુ થયેલ તમામ કાર્યક્રમોને પ્રસાર માધ્યમો દ્વારા પણ નગરજનો સુધી પહોંચાડવાની તજવીજ કરવામાં આવી હતી. જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ/કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શહેરીજનોએ મહત્તમ લાભ લીધો હતો.

## –: પ્રેસનોટ :–''મહાત્મા ગાંધી નિર્વાણદિન''

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

**મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ** EWS **સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૮૪૮ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૬૧૭ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૨૩૧ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૯ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.**

**તા.૨૯/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૩૦૭ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં** EWS-, **સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર** A, EWS-5 **ના બિલ્ડીંગ નંબર** A, EWS-6 **ના બિલ્ડીંગ નંબર** A **ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.**

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્:અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી કામરેજ તરફ જતાં વરાછા મુખ્ય રોડની બંને બાજુઓ પૈકી હિરાબાગ સર્કલ થી કાપોદ્રા ચાર રસ્તા તરફની મિલકતોમાં આજ રોજ જે તે મિલકતદારો દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીન તથા પાર્કીંગ સ્પેશ કવર્ડ કરી તાણી બાંધેલ ગેરકાયદેસર બાંધકામો ફેબ્રીકેશન શેડ, ઓટલાઓ, દાદર, દિવાલો, કેબીનો તથા લારી–ગલ્લાઓ મુકી, બેનરો , ગ્રીલ વિગેરે તોડીને આશરે ૧૫૦ જેટલી મિલકતો/દુકાનો/ શોપીંગ સેન્ટર દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીનવાળા ભાગના દબાણો તોડીને આશરે ૨૦,૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. આજ રોજ દૂર કરવામાં આવેલ દબાણવાળી મિલકતોનું લીસ્ટ આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

| અ.નં. | મિલકતનું નામ | ખુલ્લો કરવામાં આવેલ એરીયા (ચો.ફુ.) |
|---|---|---|
| 1 | સાગર કાયમંડ કોમ્પલેક્ષ | 750.00 |
| 2 | શ્રધ્ધા કોમ્પલેક્ષ | 2250.00 |
| 3 | વ્હાઈટ–બ્લ્યુ ફેબ્રીકસ | 150.00 |
| 4 | શંકરનગર ગણેશ કોલોની | 150.00 |
| 5 | ગોપી પ્રોવીઝન સ્ટોર | 150.00 |
| 6 | છાયા આર્ટવર્ક | 150.00 |
| 7 | લાલા ડેકોરા | 300.00 |
| 8 | રાજ ટાઈલ્સ | 150.00 |
| 9 | ગણેશ ફરસાણ | 100.00 |
| 10 | સજાવટ હાર્ડવેર | 100.00 |
| 11 | કોપર સ્ટોન | 100.00 |
| 12 | શ્રી રાજા ટાઈલ્સ | 100.00 |
| 13 | રૂદ્રાક્ષ રેસી. | બોર્ડ નંગ–૦૩ |
| 14 | મંગદલીપ કોમ્પલેક્ષ | બોર્ડ નંગ–૦૧ |
| 15 | બજાજ વર્લ્ડ ટાઈલ્સ | 600.00 |

| | | |
|---|---|---|
| 16 | ઉમા પ્લાયવુડ | 150.00 |
| 17 | ૨૯ મોર | 450.00 |
| 18 | સીતારામ ટાઈલ્સ | 150.00 |
| 19 | ઘનશ્યામ ખરાદી | 300.00 |
| 20 | ટોપ –ટેન | 150.00 |
| 21 | એમ.કે. કોમ્પલેક્ષ | **૧૦ – નંગ થાંભલા** |
| 22 | શકિત કલર હાર્ડવેર | **દિવાલ** |
| 23 | વરીયા સ્ટોન | **કંપાઉન્ડ વોલ ૨૫–મીટર** |
| **અ.નં.** | મિલકતનું નામ | **ખુલ્લો કરવામાં આવેલ એરીયા (ચો.ફુ.)** |
| 24 | એમ.કે. કોમ્પલેક્ષનો પાછળનો ભાગ (૧૩– દુકાન) | 195.00 |
| 25 | મારૂતી નંદન ટ્રાવેલ્સ | 150.00 |
| 26 | જાગૃતિ ટાઈલ્સ | 150.00 |
| 27 | રાધિકા ટાઈલ્સ | 200.00 |
| 28 | જાનકી ટાઈલ્સ | 300.00 |
| 29 | ખોડીયાર ઓટો ગેરેજ | 100.00 |
| 30 | ઉમીયા ટાઈલ્સ | 100.00 |
| 31 | અક્ષર ઓપ્ટીકલ્સ | બોર્ડ નંગ – ૦૨ |

ઉપરોકત કામગીરી દરમ્યાન સ્થળ પર વિરોધ સહ મહદ્‌ઃઅંશે કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ. આવતીકાલે કાપોદ્રા ચાર રસ્તાથી સરથાણા જકાતનાકા તરફની મારજીનમાના દબાણની કામગીરી હાથધરવામા આવનાર છે.

આગામી દિવસોમાં તબકકાવાર પૂર્વ (વરાછા)ઝોનના અન્યો વિસ્તારોને પણ આ કામગીરી હેઠળ આવરી લેવામાં આવશે.

ઉકત કામગીરી એડી.સીટી. ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન અને રાહબરી હેઠળ પોલીસ સ્ટાફ, ટ્રાફિક પોલીસ તથા સિકયુરીટી સ્ટાફ ની મદદથી અત્રેના પૂર્વઝોનના ઈજનેરી સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ છે.

# અખબારી યાદી

**સુરતઃ– ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત મે.કમિશનરશ્રીના આદેશ અનુસાર આજ રોજ ( તા.૨૯/૦૧/૨૦૧૫) સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારના ગોડાદરા વોર્ડની વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવેલ (૧) મહારાણાપ્રતાપ ચાર રસ્તા થી મણીભદ્ર એપાર્ટમેન્ટ સુધી, (૨) વૈંકુટધામ સોસાયટી થી વિનાયક હાઈટસ સુધી. (૩) નવી વોર્ડ ઓફીસ થી સાંઈસૃષ્ઠી એપાર્ટમેન્ટ સુધી. (૪) શામળાધામ સોસાયટીથી નવી પાણીની ટાંકી સુધીના સંલગ્ન વિસ્તારમાં આંતરીક રસ્તાઓ, મેઈન રોડ, ખુલ્લા પ્લોટો વિગેરેમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જેમાં રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી ડૉ.રવિન્દ્ર પાટીલ, મ્યુ.સભ્યશ્રી સુમનબેન પાટીલ વિગેરે રૂબરૂ સ્થળ ઉપર હાજર રહી ઉપરોકત વિસ્તારના રહીશો, સંસ્થા, દુકાન તથા માર્કેટના સ્ટોલ ધારકોને એકત્રિત કરી જાહેર જનતાને પોતાનું આંગણું, ઘર, દુકાન, શેરી, ખુલ્લા પ્લોટ તેમજ રસ્તા જાતે સ્વચ્છ રાખવા માટે અપીલ કરી હતી તેમજ કચરાનો નિકાલ ડસ્ટબીન રાખી તેના મારફતે ઘરે–ઘરે કચરો લેવા આવતી કચરા ગાડીમાં આપવા માટેની સુચના આપવામાં આવી હતી.**

**આ કામગીરી એડી.સીટી ઈજનેર શ્રી જે.કે.શાહના સીધા માર્ગદર્શન હેઠળ, કાર્યપાલક ઈજનેરશ્રી રાજેશ. સી. જરીવાલા ની આગેવાની હેઠળ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી, આસી. જંતુનાશક અધિકારી, ડે.ઈજનેર, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જુ./આસી.ઈજનેર, તેમજ સુપરવાઈઝર સ્ટાફ, સફાઈ કામદાર/ બેલદાર દ્વારા કરવામાં આવેલ હતી.**

**જેમાં ઉપરોકત વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ ૧૦.૦૭૦ મેટ્રિક ટન કચરો અને કચરા મિશ્રિત માટીનો નિકાલ કરાવવામાં આવ્યો હતો. સ્ટ્રોમ વોટર ડ્રેઈનના ૨૫ ઈનલેટ ચેમ્બરની ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. ફુડ અને આરોગ્ય વિભાગ દ્વારા ૧૯ હોટલ/રેસ્ટોરન્ટ/ લારી ગલ્લા સંખ્યા ચેક કરી, ૧૯ નોટીસ આપી, ૨૩ કિલોગ્રામ અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. દરમ્યાન જાહેરમાં ન્યુસન્સ કરતી સંસ્થા / ઈસમોને ૧૪ નોટીસ આપી, રૂા.૩૨,૨૦૦/– વહીવટીચાર્જ વસુલ કરવામાં આવેલ છે. ૨૭ લાઈટ સ્ટ્રીટ પોલ ચેક કરી ૦૧ રીપેરીંગ કરવામાં આવ્યા. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીગની કામગીરી કરવામાં આવી હતી. તેમજ દબાણ વિભાગ દ્વારા ૨૬ લારી–ગલ્લા જપ્ત કરી, રૂા.૨૫૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.**

**આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગયુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન–જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ઉપરોકત સ્થળના– ૧૫૯૯ ઘરોમાં સર્વે કરી મળેલ ૧૬ બ્રિડીંગોનો નાશ કરેલ તેમજ ૧૯ નોટીસ આપી તથા ૩૬ નકામા કન્ટેનરોનો નિકાલ કરાવી કુલ ૧૨ ઈસમો પાસે રૂા.૫૫૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.**

**આમ આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી– ૫૨ નોટીસ આપી, કુલ ૮૩ ઈસમો પાસે રૂા.૪૦,૨૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો હતો.**

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) –ંસુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૬/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૧૦૨૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૭૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૦૧૦૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૯૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૧ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી.,ડભોલી, વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, વિગેરેમાંથી વેરા પેટે રૂા. ૨૭,૩૦,૧૮૦/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા. ૫,૭૫,૭૬૫/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૩૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. **૧૬,૦૨,૭૩૯/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા. ૨,૧૪,૭૩૪/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ  ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૧૯/૦૧/૨૦૧૫ થી તા.૨૫/૦૧/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬)  કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૧,૬૨૦/–, વેસ્ટઝોન – રૂા.૨,૫૮૦/–, સાઉથઝોન – રૂા.૫,૬૩૦/–, સાઉથ–ઈસ્ટઝોન – રૂા.૩૯,૦૭૦/–, સાઉથ–વેસ્ટઝોન – રૂા.૮,૫૭૦/–, નોર્થઝોન – રૂા.૩,૧૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૧૧,૨૦૦/– મળી  તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૮૧,૭૭૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ EWS સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૧૧૫૫ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૮૧૩ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૩૪૨ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૨૪ આવાસ તથા સુડા હસ્તકના કુલ૨ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

તા.૩૦/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૨૫૬ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં EWS-6 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર B, EWS-7 ના બિલ્ડીંગ નંબર A,B અને C ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.

# પ્રેસ નોટ

શીયાળાની ઋતુ દરમ્યાન ઈન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧)નાં કેસો વધારાની શકયતા હોય છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલી જુદી – જુદી હોસ્પિટલમાં તા.૧૬/૦૧/૨૦૧૫ થી તા.૨૮/૦૧/૨૦૧૫ દરમ્યાન સ્વાઈન ફલુના કુલ ૨૮ કેસો પોઝીટીવ નોંધાયેલા છે.

આ કેસો અન્વયે સુરત મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્સ ટીમ દ્વારા કેસ હિસ્ટ્રી, દર્દીની ટ્રાવેર્લીંગ હિસ્ટ્રી વિગેરે મેળવી,દર્દીને તેમજ દર્દીના કલોઝ કોન્ટેકટ ધરાવતા વ્યકિતને આ રોગનાં લક્ષણો જણાય તો ૧૦ દિવસની પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ આપી,રોગ અટકાયત અને નિયંત્રણ સંબંધી આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે.

આ કેસો અન્વયે આ રોગ સંબંધી જાણકારી અર્થે ઈન્ડીયન મેડીકલ એસોસીએશન નાં ડોકટર્સ માટે સુરત મહાનગરપાલિકા તેમજ સુરત જિલ્લા નાં સંયુકત ઉપક્રમે તા.૨૮/૦૧/૨૦૧૫ નાં રોજ રાત્રે ૮:૦૦ કલાક થી સી.એમ.ઈ.(વર્કશોપ)નું આયોજન મહાવીર જનરલ હોસ્પિટલના કોન્ફરન્સ હોલમાં રાખવામાં આવી હતી.જેમાં મેડીકલ તજજ્ઞ ડો.વિકાસ દેસાઈ, સુરત મહાનગરપાલિકાનાં ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈ, ઈ.ચા.આરોગ્ય અધિકારી ડો.કે.એ.શ્રોફ, સુરત જિલ્લાનાં એડી.જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પિયુષ શાહ, ઈન્ડીયન મેડીકલ એસો.નાં પ્રમુખ ડો.મહાદેવ દલવાડી, ફેમિલી ફીઝીશ્યન એસો.નાં ચેરમેન ડો.ચંદ્રેશ જરદોશ, આસી.પ્રોફેસર(મેડીસીન) સ્મીમેર હોસ્પિટલ, ડો.પારૂલ વડગામા, સીની.એસો.પ્રોફેસર(મેડીસીન)નવી સિવીલ ડો.અરવિંદ શર્મા, ચેસ્ટ ફીઝીશ્યન,યુનિક હોસ્પિટલ ડો.સમીર ગામી તેમજ સહિત શહેરનાં પ્રતિષ્ઠિત અંદાજે ૧૬૦–૧૭૦ જેટલા મેડીકલ પ્રેકટીશનર હાજર રહેલા હતા.

જેમાં નવી સિવીલ હોસ્પિટલ સુરતનાં એસો.પ્રોફેસર (મેડીસીન)ડો.અરવિંદ શર્માએ આ રોગ સંબંધી પાવર પોઈન્ટ પ્રેજેન્ટેશન રજુ કર્યુ હતુ.જયારે ચેસ્ટ ફીઝીશ્યન,યુનિક હોસ્પિટલ ડો.સમીર ગામીએ સ્વાઈન ફલુ રોગની ટ્રીટમેન્ટ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.ત્યારબાદ ડીસ્કશન પેનલ દ્વારા આ રોગ અંગે આઈએમએ ડોકટર્સનાં તમામ પ્રશ્નોનુ નિરાકરણ કરવામાં આવ્યું હતું.

આ રોગનાં લક્ષણો જોવા મળે તો તુર્ત જ લોકલ ઓથોરીટીને જાણ કરવા જણાવવામાં આવ્યું હતું.

## પ્રેસનોટ






સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના તમામ શહેરીજનોને ગુણવતા યુકત તેમજ પુરતો જથ્થો અને દબાણથી પાણી પુરુ પાડવા માટે કટીબધ્ધ છે. જેના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોન, લિંબાયત ઝોન તથા વરાછા ઝોન વિસ્તારમાં રૂા. ૮૮.૦૦ કરોડ ઉપરાંતના થયેલ ખર્ચના પ્રકલ્પોનું લોકાપર્ણ તા. ૩૦/૦૧/૨૦૧૫ ના શુક્રવારના રોજ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા ના પ્રમુખ સ્થાને માન. શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ અધ્યક્ષશ્રી પાણી સમિતિના વરદ્‌હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

સુરત મહાનગરપાલિકા ના વિવિધ ૧૩ પ્રકલ્પો પૈકી હેક ઈન્ટેકવેલ, એકર
ો વોટર ટ્રીન્ટ્રમેન્ટ પ્લાન્ટ, ત્રણ જળ વિતરણ મથકો અને સાત ઓવરહેડ ટાંકીઓ અને વોટર સ્પોર્ટસ ફેજ–૨ નું ઉદ્‌ઘાટન આજરોજ કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, આજે ઉધનાઝોન,લિંબાયત ઝોન અને વરાછા ઝોન ખાતે ૧૩ જેટલા પ્રકલ્પોનું લોકાપર્ણ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજયના મા.મુખ્ય મંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ ના ગતિશીલ ગુજરાત અન્વયે સુરત હંમેશા અગ્રસર રહયું છે. સુરતના વિકાસની ગતિ સામે દેશની અન્ય મહાનગર પાલિકા સ્પર્ધામાં ટકતી નથી. સુરત મહાનગર પાલિકા લોકોની સુખાકારી માટે, સુખાકારીના પ્રકલ્પોથી લોકોને સુખ સગવડ મળે તે માટે, પીકનીક પોઈન્ટ મળે તે માટે કટીબધ્ધ છે. વોટર સ્પોટર્સના ઉદ્‌ઘાટન થી લોકોને હરવા ફરવાનું સ્થાન મળી રહેશે અને એમાં ઉતરોત્તર વધારો કરીશું સુરત મહાનગરપાલિકાનો છેલ્લા દશ વર્ષમાં વસ્તી અને વિસ્તારનો વધારો થયો છે. સુરતમહાનગર પાલિકા શહેરના ૯૭% વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવામાં છે. જેમાં સુરત પહેલું શહેર છે. સુરત મહાનગર પાલિકાને નકકી કરે છે તે કામો પુરા કર્યા છે. સદર અવોર્ડ અમેરીગની સંસ્થાએ પેરામીટર નકકી કરીને આપ્યો છે. તે એવોર્ડ ૧૭ મી ફેબ્રુઆરીએ સ્વીકારવા જવાના છે. સુરત શહેરને દેશનું સલામત, સેફટી શહેર તરીકે એવોર્ડ મેળવ્યા છે. સુરત શહેરનો ક્રાઈમ રેટ ૨૭% ઓછો થયો એ શહેર સુરત છે. સુરતની જમીનમાં ખુમારી છે તે જ છે. તાપીમાતા ના તેજને કારણે સુરત વર્ષોથી સમૃધ્ધ છે. સ્વચ્છતાની દ્રષ્ટિએ ભારતના ચાર શહેરોમાં સમાવેશ થાય છે. તેને પ્રથમ નંબર લાવવા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંગે અપીલ કરી હતી કે સ્વચ્છતાને જન આંદોલન બનાવવું છે. એક વર્ષમાં શહેરને નંબર–૧ બનાવી શકાય તે માટે સાથ સહકાર માંગ્યો હતો અને તમામ નગરજનોને શુભ કામના આપી હતી.



આ પ્રસંગે આભારવિધિ મા.ડે.શ્રીમેયરશ્રીમતી રંજનબેન વેકરીયાએ કરી હતી. આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા , માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ(રાજાભાઈ), ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, ઉદ્‌ઘાટકશ્રી ભૂપેન્દ્ર રાઠોડ અધ્યક્ષશ્રી, પાણી સમિતિ, સુરત મહાનગર પાલિકાના વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ સદસ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ,કર્મચારીશ્રીઓ,મીડીયા તથા

બહુ જ મોટી સંખ્યામાં જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





## –: પ્રેસનોટ :–મહાત્મા ગાંધી નિર્વાણદિન




સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિરોધ પક્ષના નેતાશ્રી ભુપેન્દ્રભાઈ સોલંકી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી કિશોરીબેન કાપડીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા ગાંધીપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દેશની આઝાદી માટે આખું જીવન સમર્પી દેનાર આ યુગપુરૂષની પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક સ્કૂલના બાળકોએ પણ ગાંધી પ્રતિમાના ચરણે પુષ્પો અર્પણ કર્યા હતા તેમજ સત્ય સાંઈ સેવા સમિતિએ મહાત્મા ગાંધીજીને પ્રિય એવા ભજનોની સુંદર રજુઆત કરી હતી.

૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ શહીદ દિન નિમિત્તે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદો પ્રત્યે શ્રધ્ધા–સન્માનની ભાવના જાગૃત થાય, શહીદો પ્રત્યે દરેક વર્ગના લોકો સક્રિય સાથ સહકાર આપે તે માટે બે મિનિટનું મૌન પાળ્યું હતું.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) –સુરત મહાનગરપાલિકા

**નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.**

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૮૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૯૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૩ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ,ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,વેડરોડ પંડોળ ઈન્ડ.વિભાગ વિગેરમાંથી વેરા પેટે **રૂા.૧૫,૧૦,૪૫૭/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાં**થી રૂા. ૨,૫૧,૧૮૭/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૯ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા. **૯,૨૭,૬૬૩/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા. ૧,૮૬,૨૫૩/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૯/૦૧/૨૦૧૫ નાં રોજ શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં આવેલ સરકારી / અર્ધસરકારી સંસ્થાઓની આસપાસના વિસ્તારોની ઘનિષ્ઠ સફાઈ કરાવી દબાણો દુર કરવાની કામગીરી કરાવવામાં આવેલ.

જે અંતગર્ત વિવિધ ઝોન વિસ્તારોમાં આવેલ કુલ ૬૭૫ સરકારી / અર્ધસરકારી મિલકતોની આસપાસ સાફ–સફાઈની કામગીરી કરાવી, આ સ્થળોની આસપાસ દબાણ કરતા ૧૧–કાઉન્ટરો, ૦૪–કેબીનો, ૧૦૪–લારીઓ, ૬૮–પાથરણાઓ, ૦૪–પોટલા તથા ૨૮–અન્ય મળી કુલ ૨૧૯ દબાણો દૂર કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરી દરમ્યાન કુલ રૂા.૫૪,૧૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૩૦/૦૧/૨૦૧૫ નાં રોજ શહેરમાં જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા–કોલેજ, હોસ્પિટલો જેવા તમાકુ પ્રોડોકટસના વેચાણ અર્થે પ્રતિબંધિત વિસ્તારોમાં તમાકુ, ગુટખા, પાન મસાલા, બીડી સિગારેટ તથા અન્ય તમાકુની બનાવટોના વેચાણ તથા જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધના અમલીકરણના ચેકીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા–કોલેજ, હોસ્પિટલોની આસ–પાસના વિસ્તારોમાં તમાકુ પ્રોડકટસનું વેચાણ કરતી કુલ ૫૧૩ લારી / પાનના ગલ્લા / સંસ્થાઓમાંથી, ૨૬૯–ગુટખા, ૩૩૩– તમાકુની પડીકી, ૧૨૧–બીડી બંડલ અને ૬૫– સિગારેટ પેકેટસ જપ્ત કરી, કુલ–૯૦ નોટીસ પાઠવી, રૂા. ૩૨,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

## પ્રેસ નોટ

આજ રોજ પશ્ચિમ ઝોન (રાંદેર) ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અન્વયે ગેરકાયદેસર બાધંકામને નિયમિત કરવાની મુદત તારીખ–૧૯/૦૨/૨૦૧૫ સુધીની હોય બાકી રહેલ ઈમ્પેકટ ફી અંગેની પડતર અરજીઓની સ્થળ પર પ્રત્યક્ષ નિકાલ કરવા માટે આજ તા.૩૦/૦૧/૨૦૧૫ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર)ઓફિસ ખાતે લોક મેળાનું આયોજન હાથ ધરવામાં આવેલ, જેમાં સવારથી જ જાહેર જનતાનો ખુબ જ ઘસારો રહેલ અને અંદાજે ૧૨૦૦ જેટલી વ્યકિતઓએ મુલાકાત લીધી તેમજ ૨૮૦ જેટલા કેસોમાં સ્થળ પર નિકાલ કરવામાં આવેલ અને ૪૧ જેટલા અરજદારોએ ઈમ્પેકટ ફી પેટે આજરોજ સ્થળ પર રૂા.૩,૨૩,૪૯૦/– ભરપાઈ કરેલ છે. બાકીના કેસોમાં અરજદારોને બાકી રહેતા પુરાવાઓ સમયમર્યાદામાં રજૂ કરવા અંગે સમજ આપવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

**મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ** EWS **સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૧૧૫૫ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૮૧૩ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૩૪૨ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૨૪ આવાસ તથા સુડા હસ્તકના કુલ ૨ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.**

**આવતીકાલે તા.૩૦/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૨૫૬ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં** EWS-6 **સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર** B **તથા** EWS-7 **ના બિલ્ડીંગ નંબર** A, B **અને** C **ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.**

## પ્રેસ નોટ :–

તા. ૨૩/૦૧/૨૦૧૫ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં એવા સમાચાર પ્રસિધ્ધ થયા હતા કે '' પાલ R.T.O. કચેરી ખાતે સુરત મહાનગરપાલિકાના આજીવન કર વિભાગને જગ્યા નહીં ફાળવતાં વિવાદ ''

જે પ્રસિધ્ધ થયેલ સમાચાર બાબતે જણાવવાનું કે સુરત મહાનગરપાલિકાના આજીવન વાહન કર વસુલાતમાં ફરજ બજાવતાં સ્ટાફ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરીમાં તેઓના અધિકારી અને સ્ટાફના સંકલનમાં રહી આજીવન વાહન કરની વસુલાત કરે છે.

તાજેતરમાં સદર કચેરીનું પાલ ખાતે સ્થળાંતર થયેલ છે. તે દરમ્યાન અત્રેના અધિકારી ધ્વારા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની સાથે થયેલ ચર્ચા મુજબ અત્રેની માંગણી મુજબ પાલ R.T.O. કચેરીમાં કર્મચારીઓને જગ્યા ફાળવવાનું નકકી થયેલ હતું તેમજ તેઓ તરફથી સદર કચેરીના ગ્રાઉન્ડ ફલોરમાં D.A. બ્રાન્ચની બાજુમાં જગ્યાની ફાળવણી કરવામાં આવેલ છે અને સુરત મહાનગરપાલિકાના સંબંધિત સ્ટાફે ત્યાં કામકાજ શરૂ કરેલ છે. આમ, વર્તમાનપત્રમાં છપાયેલ સમાચાર તથ્ય અને આધારવિહીન છે તેને રદીયો આપવામાં આવે છે. એવું સુરત મહાનગરપાલિકાની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૮૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૯૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૩ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ,ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,વેડરોડ પંડોળ ઈન્ડ.વિભાગ વિગેરમાંથી વેરા પેટે **રૂા.૧૫,૧૦,૪૫૭/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા. ૨,૫૧,૧૮૭/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૯ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા. ૯,૨૭,૬૬૩/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા. ૧,૮૬,૨૫૩/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સાઉથ ઝોન (ઉધના) આવેલ આવસોમાં શીફટીગ કરવાની કામગીરી

સાઉથ ઝોન (ઉધના) આવેલ ટી.પી. ૦૧ (ઉધના-મજુરા), ફા.પ્લોટનં ૮૧-૮૨ પૈકી ખાડી કિનારાની અસરમાં આવતા પંચશીલનગર-૦૨ ના આશરે ૨૦૦ ઝુપડાઓ પૈકી ૫૦ જેટલા ઝુપડાવાસીઓને સાઉથ ઝોન (ઉધના) કચેરી દ્વારા તા.૩૧-૦૧-૨૦૧૫ના રોજ વડોદ રે.સ.નં ૧૨ ખાતે ફાળવેલ આવસોમાં શીફટીગ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ. બાકી રહેલ ઝુપડાઓની કામગીરી તા. ૦૨-૦૨-૨૦૧૫ અને તા.૦૩-૦૨-૨૦૧૫ દરમ્યાન કરવામાં આવનાર છે.

આમ, સુરત મહાનગરપાલિકા ઝીરો સ્લમ તરફ આગળ વધી રહ્યુ છે.

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી કામરેજ તરફ જતાં વરાછા મુખ્ય રોડની બંને બાજુઓ પૈકી કાપોદ્રા ચાર રસ્તાથી આગળ મહારાણા પ્રતાપ ઉદ્યાન તથા સી.એન.જી. પંપની નજીકની મિલકતોમાં આજ રોજ જે તે મિલકતદારો દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીન તથા પાર્કીંગ સ્પેશ કવર્ડ કરી તાણી બાંધેલ ગેરકાયદેસર બાંધકામો ફેબ્રીકેશન શેડ, ઓટલાઓ, દાદર, દિવાલો, કેબીનો તથા લારી–ગલ્લાઓ મુકી, બેનરો , ગ્રીલ વિગેરે તોડીને આશરે ૧૫૦ જેટલી મિલકતો/દુકાનો/ શોપીંગ સેન્ટર દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીનવાળા ભાગના દબાણો તોડીને આશરે ૨૦,૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. ઉપરાંત મિલકતદારો પાસેથી દંડની રકમ પેટે રૂા.૧૧,૦૦૦/– વસુલ લીધેલ છે. આજ રોજ દુર કરવામાં આવેલ દબાણવાળી મિલકતોનું લીસ્ટ આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

| અ.નં. | મિલકતનું નામ | ખુલ્લો કરવામાં આવેલ એરિયા (ચો.ફુટ) |
|---|---|---|
| 1 | ઘનશ્યામ કોમ્પલેક્ષ સ્વામીનારાયણ મંદિરની ડાબી બાજુ, કલાકુંજ મેડીકલ, ખોડીયાર | 24.00 |
| 2 | વૃદાવન, રાજ ટોબેકો, નવરંગ આઈસ્ક્રીમ દાદર | |
| 3 | શ્રીજી ડેન્ટલ કલીનીક, પતરાનો શેડ<br>આઈસ્ક્રીમ બોર્ડ | ૬.૦૦<br>૨૪.૦૦ |
| 4 | ઓટો કલીન દુકાન, રેમ્પ તોડેલ | ૧૨.૦૦ |
| 5 | અભય મોબાઈલ, ઓટલો | ૪૫.૦૦ |
| 6 | રિલાયન્સ ટાવરની બાજુમાં, પતરાનો શેડ તથા ઝુંપડા | ૧૫.૦૦ |
| 7. | તાપી સ્કુલ પાસે, ફ્રુટ માર્કેટ, લાકડાનો શેડ | ૧૨.૦૦ |
| 8 | સ્વામી મંદિર દિવાલને અડીને શોપીંગમાં એવન, રેડ ચીલી, ઓટલો | ૧૨.૦૦ |
| 9 | એશિયન કાર ઓમ સર્વિસ, શિવમ્ ઝેરોક્ષ, ઓટલો + રેમ્પ | ૩૦.૦૦ |
| 10 | અવધ, રઘુકુળ ઝેરોક્ષ–દાદર | |
| 11 | હરીકૃષ્ણ સોસા. ના પ્લોટ ખાડીની ડાબી બાજુ | |
| | ક્રિએટીવ ફર્નીચર, હીરાણી પંપ, ગૌરાંગ વુડ, જલારામ મેટલ ના ઓટલા | |
| | કિશાન પંપ, ગુરૂકૃપા પ્લાયવુડ, ગણેશ, શીવમ્ એપલ શોપીંગ | 157.50 |

(પાછળ)

| | | |
|---|---|---|
| 12 | બાપા સીતારામ ટાયરની લારી ઉંચકેલ, ખાડીની ડાબી બાજુ ઝુપડાની સાથે જાહેરાત બોર્ડ હટાવયુ. | |
| 13 | સરદાર ઓટો/હેપી હોમ, સબ સ્ટેશનની બાજુમાં ખાડી પાસે પતરાનું પાર્ટીશન | ૨૪.૦૦ |
| 14 | શેલ પેટ્રલપંપની આગળ<br>રામદેવ શોપીંગ (અંબિકા કો.હા ડાકી બાજુ)<br>સનમાઈકા હાર્ડવેર, પુનમ ટાઈલ્સ,શુભ બેરીંગ | ૨૧.૦૦ |
| 15 | બાપા સીતારામ કાર મેળો | ૨૦૦.૦૦ |
| 16 | ડિલક્ષ કોમ્પ્લેક્ષ ગ્રાઉન્ડ ફલોર ૮(આઠ) દુકાન, પતરાનો શેડ | ૭૨.૦૦ |
| 17 | નિધી કોમ્પ્લેક્ષ, રાધેશ્યામ હાર્ડ વેર, માધવ કુલર, દુકાન, પટેલ પંપ હાઉસ, ૧૪(ચૌદ) દુકાનો | ૧૨૩.૦૦ |

ઉપરોકત કામગીરી દરમ્યાન સ્થળ પર વિરોધ સહ મહદ્દ અંશે કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ. આવતી કાલે સરથાણા જકાત નાકાથી કામરેજ તરફની માર્જીનમાં દબાણની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

આગામી દિવસોમાં તબકકાવાર પૂર્વ(વરાછા)ઝોનના અન્ય વિસ્તારોને પણ આ કામગીરી હેઠળ આવરી લેવામાં આવશે.

ઉકત કામગીરી એડી.સીટી. ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન અને રાહબરી હેઠળ સિકયુરીટી સ્ટાફ ની મદદથી અત્રેના પૂર્વઝોનના ઈજનેરી સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૩૧/૦૧/૨૦૧૫ નાં રોજ શહેરમાં આવેલ તમામ ધાર્મિક સ્થળો જેવા કે મંદિર, મસ્જિદ, દરગાહ, ચર્ચ, ગુરુદ્વારા, અગિયારી, દહેરાસર, સ્મશાનગૃહ, કબ્રસ્તાન વિગેરેની આસ–પાસ સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ છે.

આ અભિયાનમાં શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ ૬૦૧–મંદિરો, ૨૩૯–મસ્જિદો, ૨૦–દરગાહ, ૦૯–ચર્ચ, ૦૬–ગુરુદ્વારા, ૧૧–અગિયારી, ૬૬–દહેરાસરો મળી કુલ ૯૫૨ ધાર્મિક સ્થળો તથા ૪૭–સ્મશાનગૃહ / કબ્રસ્તાન અને ૦૧–જમાતખાનાની આસપાસ તળીયાઝાટક સાફ–સફાઈ કરાવી કચરા માટી મિશ્રિત ઢગલાનો નિકાલ કરાવી, જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત LIG સ્કીમ હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી તા.૨૨/૦૧/૨૦૧૫ સુધીમાં LIG-1 થી LIG-30 ના કુલ–૪૧૬૪ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૩૫૬૬ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહી કુલ રૂા.૨૪,૭૩,૩૦,૦૦૦/– જમા કરાવેલ છે, જયારે ૫૯૮ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૪૯ આવાસ, સુડા હસ્તકના ૧૨ આવાસ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના ૨ આવાસ મળી કુલ–૧૬૩ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત EWS સ્કીમ હેઠળ તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીમાં EWS-1 થી EWS-7 ના કુલ–૧૫૬૧ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૧૦૮૦ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહી કુલ રૂા.૩,૨૪,૯૦,૨૦૦/– જમા કરાવેલ છે, જયારે ૪૮૧ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૩૧ આવાસ તથા સુડા હસ્તકના ૨ આવાસ મળી કુલ–૩૩ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

નિયત તારીખે ગેરહાજર રહેલ લાભાર્થીઓને આખરી તકરૂપે LIG-1 થી LIG-15 ના લાભાર્થીઓએ તા.૦૨/૦૨/૨૦૧૫ તથા LIG-16 થી LIG-30 ના લાભાર્થીઓએ તા.૦૩/૦૨/૨૦૧૫ ના રોજ પુરાવા તથા રૂા.૧,૩૦,૦૦૦/– ના ડ્રાફટ સાથે તેમજ EWS-1 થી EWS-7 ના લાભાર્થીઓએ તા.૦૪/૦૨/૨૦૧૫ ના રોજ પુરાવા તથા રૂા.૫૨,૫૦૦/– ના ડ્રાફટ સાથે હાજર રહેવાનું રહેશે.

આ યોજના અંતર્ગત જેઓની અરજી વેલીડ છે પરંતુ ડ્રો માં આવાસ ફળવાયેલ નથી તેવા લાભાર્થીઓ કે જે પોતાની ડિપોઝીટ પરત મેળવવા માંગે છે તેઓએ પોતાની અસલ પહોંચ સાથે તા.૦૫/૦૨/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના પહેલા માળે આવેલ રૂમ નં.૪૪ ખાતે રૂબરૂ હાજર રહી નિયત નમુનામાં રીફંડ મેળવવાની અરજી કરવાની રહેશે.

આ યોજના અંતર્ગત જેઓની અરજી વેલીડ છે પરંતુ ડ્રો માં આવાસ ફળવાયેલ નથી, તેવા લાભાર્થીઓ કે જે આવાસ મેળવવા માટેના આગામી ડ્રો માં જવા માંગતા હોય, તેઓએ પોતાની અસલ પહોંચ સાથે તા.૦૬/૦૨/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના પહેલા માળે આવેલ રૂમ નં.૪૪ ખાતે રૂબરૂ હાજર રહી નિયત નમુનાના ફોર્મમાં પોતાની સંમતિ આપી જવાની રહેશે. તેઓને કોઈપણ પસંદગી આપવામાં આવશે નહી, આ યોજના હેઠળ જયાં જયાં આવાસ ખાલી હશે ત્યાં ડ્રો ધ્વારા આવાસ ફાળવવામાં આવશે.

## પ્રેસનોટ

પશ્ચિમ ઝોન (રાંદેર)માં આવેલ જુદી–જુદી શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે શાળાઓ, ટયુશન કલાસીસો ધ્વારા ટી.પી. રોડ ઉપર થતા આડેધડ પાર્કીંગથી ટ્રાફિકની સરળ અવર જવર ન થવાને કારણે ટ્રાફિક જામની સમસ્યા ઉપસ્થિત થયેલ, જેને કારણે માનવ સમય તેમજ પેટ્રોલ, ડિઝલ જેવા ઈંધણના બગાડને કારણે વ્યકિતગત તેમજ દેશને મોટું આર્થિક નુકશાન વેઠવું પડે છે, જેમાંથી છૂટકારો / નિજાદ મેળવવા માટે તથા જાહેર જનતામાં ટ્રાફિકના સરળ નિયમન બાબતે જાગૃતિ કેળવવા માટે અત્રેના ઝોનમાં એક સેમીનારનું આયોજન કરવામાં આવેલ જેમાં જુદી–જુદી ૩૦૦ થી ૪૦૦ શૈક્ષણિક સંસ્થાઓને પત્રો ધ્વારા સદર સેમીનારમાં હાજર રહેવા તેમજ ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે તેમના સૂચનો મેળવવા જણાવવામાં આવેલ, જેના અનુસંધાને આજરોજ તા.૩૧/૦૧/૨૦૧૫ના રોજ માન.એડી.સીટી ઈજનેરશ્રીના અધ્યક્ષ સ્થાને યોજેલ સેમીનારમાં આશરે ૧૦૦ થી ૧૫૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહેલ, સરદ સેમીનારમાં ટ્રાફિકની અવર જવરમાં મુશ્કેલી ના પડે તે માટે પોતાના જ કેમ્પસમાં (૧)પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરી પાર્કિંગ કરવા તેમજ (૨) શૈક્ષણિક સંસ્થામાં આવતા બાળકો ને માસ ટ્રાન્પોર્ટેશનનો ઉપયોગ કરવા/વ્યવસ્થા કરવા/નીતિ નિયમો બનાવવા સમજણ આપવામાં આવેલ (૩) શૈક્ષણિક સંસ્થાના કેમ્પસમાં આવેલ ખુલ્લી જગ્યાઓમાં મલ્ટી લેવલ / ભોંયતળિયામાં પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરવા પણ સમજણ આપવામાં આવેલ તથા આ સમસ્યાના સુખદ નિવારણ માટે તેમના સૂચનો પણ મેળવવામાં આવેલ. હાજર રહેલ તમામ પ્રતિનિધિઓએ સેમીનારમાં આપવામાં આવેલ / સમજાવવામાં આવેલ સુચનો મુજબ અમલવારી કરવા મૌખિક સંમતિ આપેલ.

આ બાબતે વધુ જન જાગૃતિ કેળવવા અત્રેના ઝોન ધ્વારા માઈક્રો લેવલે એટલે કે આશરે ૧૦–૧૦ જેટલા વ્યકિત સમૂહો પાડી સેમીનારો યોજી જનજાગૃતિ અભિયાન વધુ તેજ કરવામાં આવનાર છે.